# મનપાની એડવાન્સ મિલ્કતવેરાની મુદતમાં વધારો કરવા સક્રિય વિચારણા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા એડવાન્સ મિલ્કતવેરો ભરનારને રાહત આપવાની મુદતમાં વધારો કરવા અંગેની સક્રિય વિચારણા હાથ ધરવામાં આવી હોવાના સંકેતો મળ્યા છે. આ મુદત ૩૧મીએ પુરી થઈ રહી છે એટલે એકાદ દિવસમાં આ અંગે સત્તાવાર જાહેરાત થઈ શકે છે.

મહાનગરપાલિકામાં ભેળવવામાં આવેલા વિસ્તારોમાં સર્વેમાં રહેલી ક્ષતિઓમાં કેટલીક ગંભીર ક્ષતિઓ તંત્રને જણાઈ છે. મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે તંત્રને ૨૫૦૦થી વધુ ફરિયાદો મળી છે. આ ફરિયાદોના નિરાકરણમાં તંત્ર પણ અટવાયુ છે.

સોફ્ટવેરની ક્ષતિઓ દુરસ્ત કરવામાં ક્યાંક ક્યાંક એજન્સી પણ ઉદાસીનતા બતાવી રહી છે. જો કે તંત્રએ કાન આમળ્યો છે. હવે તંત્ર આ ક્ષતિઓને પગલે એડવાન્સ મિલ્કતવેરો ભરનારને નુકશાન ના થાય તેને ધ્યાને રાખી માનવીય અભિગમ સાથે આ મુદતમાં વધારો કરવા અંગેની વિચારણા કરી રહેલ છે. આમેય પાંચ દિવસ આ વળતર યોજના મોડી અમલમાં આવી હતી તેમજ સોફ્ટવેરની ક્ષતિઓ અને સર્વેમાં થયેલી ભૂલો બધી જ બાબતોને સર્વગ્રાહી રીતે વિચારણામાં લઈ આ દિશામાં તંત્ર આગળ વધી રહ્યું છે.

મિલ્કતવેરાની વસુલી આમ તો ૪૦ ટકા જેટલી થઈ ગઈ હોવાનું જાણવા મળેલ છે. મળતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે ૧૯ કરોડ જેટલી વસુલાત થઈ છે. મનપાએ મિલ્કતવેરાની વસુલીનો અંદાજ ૩૫ કરોડથી વધુ અંદાજ્યો છે. નવા વિસ્તારોમાં ફરિયાદો વધુ મળી છે.

ગાંધીનગર મનપામાં આવકનું મુખ્ય સ્ત્રોત પણ મિલ્કતવેરાની આવક જ રહી છે. આ આવક વધે તે માટેના પ્રયાસો તંત્ર દ્વારા કરવામાં આવ્યા છે.

મનપાના સૂત્રોનું માનીએ તો મિલ્કતવેરાની વસુલીને લઈ તંત્ર નવા સમાવિષ્ટ વિસ્તારોમાં ખાસ કેમ્પ કરવાને લઈ પણ વિચારણા કરી રહેલ છે જેથી ગ્રામ્ય વિસ્તારના રહીશોને આ સેવાનો લાભ મળી રહે.

અત્યાર સુધીમાં તંત્ર દ્વારા જે ક્ષતિઓ સુધારણાની કામગીરી થઈ છે તેમાં પણ ગતિ લાવવા માટેનું કામ હાથ પર લેવામાં આવ્યુ છે એટલુ જ નહિ ૬૦ ટકા જેટલી ફરિયાદોનું નિવારણ તંત્ર દ્વારા કરી દેવામાં આવવાનું જાણવા મળેલ છે.

મનપાની ચૂંટાયેલી પાંખ પણ આ મુદતમાં ૧૦ દિવસનો વધારો કરવા માટે તંત્ર પર દબાણ કરી રહ્યાનું જાણવા મળેલ છે જો કે હજુ ચૂંટાયેલી પાંખ આ મુદ્દે ખુલીને કોઈ કહેવાની ઉતાવળમાં નથી પરંતુ તેઓ ધ્યાને આવેલી ફરિયાદોથી ચિંતીત જરૂર જણાય છે.



છેલ્લા કેટલાક દિવસોથી વાતાવરણમાં વારંવાર બદલાવ આવી રહ્યો છે. કયારેક આકાશમાં વાદળો છવાઈ જાય તો કયારેક ખૂબ આકરો તડકો પડે છે. આકરા તડકાથી સૌ કોઈ પરેશાન થઈ રહ્યા છે. ફૂટપાથ પર બેસીને વેપાર કરતા નાના વેપારીઓ તડકાથી બચવા અવનવા ઉપાયો કરી રહ્યા છે. ફૂટપાથના સહારે કાપડનો પડદો બાંધીને તેઓ વેપાર કરી રહ્યા છે.

# શહેરમાં વરસાદી દિવસો દરમિયાન માર્ગો પર ગાબડા પડે તો તુરંત પુરી દેવાશે

**પાટનગર યોજના ભવને પ્રિમોન્સુન પ્લાન અન્વયે સરકારી આવાસોના ધાબાની સફાઇ તેમજ વરસાદી પાણીના નિકાલ માટે લાઇન સાફ કરવામાં આવી રહી છે : માર્ગો પર ગાબડા અસ્તિત્વમાં આવે તો પણ ત્વરિત પુરી દેવા માટે આયોજન**

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગર શહેરમાં હાલ માર્ગ સુધારણાના કામો બંધ છે. ત્યારે વરસાદી દિવસો નજીકમાં છે આવા સંજોગોમાં તંત્ર કક્ષાએથી પ્રિમોન્સુન કામગીરીને અનુલક્ષી વરસાદી પાણીના નિકાલની લાઈન સફાઈ તેમજ સરકારી આવાસોના ધાબાની સફાઈ સહિતના કામો હાથ ધરાયા છે. જયારે વરસાદી દિવસોમાં માર્ગો પર અસ્તિત્વમા આવતા ગાબડા આમ નાગરિકો માટે જોખમી પુરવાર ન થાય તે માટે તંત્ર દ્વારા ઉબડ ખાબડ માર્ગોનુ પેચવર્ક હાથ ધરવા માટે પણ નિર્ણય લેવાયો છે. જયારે વરસાદ દરમિયાન પણ ત્વરિત ગાબડા પુરાય તે માટે જરૂરી પુર્વ આયોજન પણ કરી દેવાયુ છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા પાંચ વર્ષથી માર્ગ સુધારણાના કામો હાથ ધરાયા નથી અલબત્ત સેકટરોના આંતરિક માર્ગો પણ લાંબા સમયથી ઉબડ ખાબડ છે. જયારે ગત વાઈબ્રન્ટ સમિટ વેળાએ પણ મુખ્યમાર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવા માટે આયોજન કરાયુ હતુ પરંતુ વાઈબ્રન્ટ સમિટનુ આયોજન પડતુ મુકાતા માર્ગોની કામગીરી પણ હજુ સુધી અદ્ધરતાલ રહી છે. શહેરમાં એકબાજુ પાણી ગટરની નવી લાઈન નાંખવા માટે પણ સેકટરોમાં ઠેર ઠેર ખોદકામ કરી દેવાયુ છે. જેના લીધે સેકટરોમાં રોડ નેટવર્ક પણ વધુ ઉબડ ખાબડ બન્યુ છે. આ સ્થિતિ વચ્ચે હવે વરસાદી દિવસો પણ નજીકમાં છે. જયારે ચોમાસામાં માર્ગો પર ઠેર ઠેર ગાબડા પડતા ભયજનક સ્થિતિનુ નિર્માણ થાય છે. વરસાદી દિવસોને અનુલક્ષીને તંત્ર દ્વારા પ્રિમોન્સુન એકટીવિટી પણ શરૂ કરી દેવામાં આવી છે. જેમાં સરકારી આવાસોમાં છતમાંથી પાણી ટપકે નહી તેમજ ભેજ ન આવે તે માટે ધાબાની સફાઈ તેમજ પાણીની લાઈનમાંથી પણ કચરો દુર કરવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત શહેરના મુખ્યમાર્ગો આસપાસ સ્થિત વરસાદી પાણીની નિકાલની લાઈન પણ સાફ કરવામાં આવી રહી છે. જયારે વરસાદી દિવસો દરમિયાન ગત વર્ષે પણ સમગ્ર રાજયમાં માર્ગો પર ગાબડા પડે તો તાત્કાલિક પુરી દેવા માટે પ્રત્યેક ઠેકાણે ટીમની રચના કરવામાં આવી હતી ગાંધીનગરમાં પણ હાલ શહેરના માર્ગો પર સર્વે કરી જો માર્ગો પર ખાડા માલુમ પડે તો તાત્કાલિક પુરવા માટે પણ આયોજન કરાયુ છે. આ ઉપરાંત વરસાદી દિવસોમાં માર્ગો પર ગાબડા અકસ્માતનુ કારણ ન બને તે માટે પણ અત્યારથી જ આયોજન કરી દેવામાં આવ્યુ છે. પાટનગર યોજના વિભાગના સુત્રોમાંથી મળતી માહીતી

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં પવનની ગતિ અને ઉકળાટ વધવાની સંભાવના

**હવામાં ભેજનું પ્રમાણ ૪૦ થી ૭૪ ટકા વચ્ચે રહેવાની સંભાવના : હવામાં ભેજનું પ્રમાણ વધતાં બફારો અને ઉકળાટ વધશે**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં ૨૯મી મે સુધી આકાશ અંતશઃ વાદળછાયુ રહેશે અને વરસાદ પડવાની શકયતા નથી પરંતુ તાપમાનનો પારો ધીમી ગતિએ ઘટશે.

દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાનશાસ્ત્ર વિભાગ દ્વારા હવામાન-પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૧૬માં જણાવ્યાનુસાર ૨૫ થી ૨૯ મે દરમ્યાન મહત્તમ તાપમાન ૪૦-૪૧ ડિગ્રી સે. રહેશે. ૨૭મીએ તાપમાનનો પારો ૪૧ ડિગ્રી રહેવાની સંભાવના છે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૭-૨૮ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે.

હવામાં ભેજનું પ્રમાણ ૪૦ થી ૭૪ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૧૭ થી ૨૬ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.

દરમ્યાન જિલ્લામાં બફારો જે રીતે વધી રહ્યો છે તેથી વરસાદ વહેલો થશે તેવુ ખેડૂતો માની રહ્યા છે. જો કે જૂનના પ્રથમ સપ્તાહ બાદ જિલ્લામાં ચોમાસુ આવશે તેવુ પણ ખેડૂતોનું કહેવુ છે. દક્ષિણ-નૈઋત્યના પવનો શરૂ થયા છે તેથી થોડીક રાહત જરૂર છે.

હવામાન વિભાગના સૂત્રોનું માનીએ તો ગત સપ્તાહે પવનની ગતિ ૧૧ કિ.મી. સુધી પહોંચી હતી તેમજ હવામાં ભેજનું પ્રમાણ ૧૮ થી ૭૯ ટકા વચ્ચે નોંધાયુ હતુ. જિલ્લામાં આ સપ્તાહે પવનની ગતિ વેગીલી બનશે તે રાહત આપશે. જો કે હવામાં ભેજનું પ્રમાણ વધતાં બફારો અને ઉકળાટ વધશે તેમ મનાઈ રહ્યું છે.

# ગાંધીનગરને ફાટક મુક્ત કરવાની યોજના ક્યારે સાકાર પામશે

**ગાંધીનગર સહીત જિલ્લામાં વિવિધ ચાર ઠેકાણે રેલવે ફાટક પર બ્રિજ બાંધવાની યોજના સાકાર થતી નથી : માર્ગ મકાન વિભાગના અધિકારીઓ અન્ય વિભાગને પત્ર વ્યવહાર કરી ગળે આવી ગયા પરંતુ કોઇ સહકાર મળતો ન હોવાથી જોખમી ફાટકો પર બ્રિજ બાંધવાની યોજના છેલ્લા એક વર્ષથી કાગજી કાર્યવાહીમાં જ અટવાઇ**

ગાંધીનગર તા ૨૫

ગુજરાતને ફાટકમુકત બનાવવા માટે સરકારે ફાટક પર બ્રિજ બનાવવા માટે નિર્ણય કર્યો છે. જેમાં રાજયમાં વિવિધ ૧૦૦ જગ્યાએ રેલવે ફાટક પર બ્રિજ બાંધવાનુ આયોજન કરાયુ છે. ગાંધીનગર જિલ્લામાં પણ વિવિધ ચાર ઠેકાણે રેલવે ફાટક પર બ્રિજનુ નિર્માણ કરવાની યોજના તૈયાર કરાઇ છે પરંતુ લાંબા સમયના અંતે પણ આ મામલે કોઇ ગતિવિધિ થઇ શકી નથી અલબત્ત સ્થળ પર કામ થઇ શક્યુ નથી. ગાંધીનગર અને કલોલ વિસ્તાર સહીત કુલ ચાર બ્રિજ બાંધવાના મામલે માર્ગ મકાન વિભાગની કાગજી કાર્યવાહી વનતંત્ર, જમીન માપણી, જમીન સંપાદન તેમજ રેલવે તંત્રની મંજુરીના તબક્કામાં સુધી જ સિમિત રહી છે. માર્ગ મકાન વિભાગના અધિકારીઓ પણ આ સ્થિતિ વચ્ચે ગળે આવી ગયા છે. પરંતુ આ કાર્યયોજના અન્વયે આનુંસગિક વિભાગના અધિકારીઓના પેટનુ પાણી પણ હલતુ નથી. જેથી આખી યોજના મૃતપાય અવસ્થામાં હોય તેવી સ્થિતિ સર્જાઇ છે. બીજીતરફ નાગરિકોને ફાટક વિસ્તારમાં થતી હાલાકીનો પણ અંત આવતો નથી.

ફાટક મુકત ગુજરાત બનાવવાના ઉમદા વિચારને અનુલક્ષીને સમગ્ર રાજયમાં વિવિધ ઠેકાણે રેલવે ફાટકને અનુલક્ષી બ્રિજ તૈયાર કરવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. જેથી ફાટકના લીધે ટ્રાફિક જામ ન થાય તેમજ જોખમી સ્થિતિ પણ નિવારી શકાય જયારે આ યોજના અન્વયે રાજયમાં અંદાજિત વિવિધ ૧૦૦ જેટલા ઠેકાણે રેલવે ફાટક પર બ્રિજ બાંધવાનુ આયોજન કરાયુ છે. પરંતુ પાટનગરમાં જ હજુ આ મામલે દિવા તળે અંધારુ છે. અલબત્ત બ્રિજ નિર્માણની યોજના છેલ્લા દોઢ બે વર્ષથી કાગળ પર જ છે. ગાંધીનગરમાં ક-૭ સર્કલથી રાંધેજાની વચ્ચે આવતુ ક્રોસિંગ, વાવોલ ઉવારસદ વચ્ચેનુ ક્રોસિંગ વાવોલ છત્રાલ વચ્ચે આવતુ રેલવે ક્રોસિંગ અને પાનસરથી કલોલ વચ્ચે આવતુ રેલવે ક્રોસિંગને અનુલક્ષી રેલવેના સહયોગથી બ્રિજ બાંધવા કાર્યયોજના તૈયાર કરાઇ છે. આ પૈકી વાવોલ છત્રાલ અને પાનસર કલોલ માટે બ્રિજ બાંધવા માટે ટેન્ડર પ્રકીયા પણ હાથ ધરી દેવામાં આવી છે. આ અન્વયે એજન્સીને વર્ક ઓર્ડર આપી દેવામાં આવ્યા બાદ પણ કામ હાથ ધરી શકાયુ નથી. જયારે રેલવે ફાટક પર બ્રિજ નિર્માણની આ યોજના અન્વયે જમીન સંપાદન, જમીન માપણી, વનતંત્ર તેમજ રેલવે તંત્ર સાથે અનેકવાર પત્ર વ્યવહાર કરી માર્ગ મકાન વિભાગના અધિકારીઓ તોબા પોકારી ગયા છે. આમછતા હજુ સુધી આ યોજના આગળ વધી શકી નથી. કારણ કે વિવિધ

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં આવતીકાલથી રાષ્ટ્રીય મેંગો મહોત્સવ

**ભારતભરમાંથી ઉત્પાદકો અને વેપારીઓ દ્વારા ૧૦૦થી વધારે કેરીઓનું પ્રદર્શન યોજાશે : મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ઉદ્‌ઘાટન થશે**



ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરમાં સૌ પ્રથમવાર ભવ્ય રાષ્ટ્રીય મેંગો મહોત્સવનું પ્રવાસન નિગમ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. ૨૭મીથી ત્રિ-દિવસીય આ મેંગો મહોત્સવનું ઉદ્‌ઘાટન મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદહસ્તે કરવામાં આવશે. આ આંતરરાષ્ટ્રીય મેંગો મહોત્સવ રામકથા મેદાન, સેક્ટર-૧૧ ખાતે યોજાનાર છે. જેમાં ૫૦ થી વધારે અવનવી કેરીઓના સ્ટોલ્સ ઉભા કરાયા છે. રાષ્ટ્રીય

● અનુસંધાન પાન-૭ પર

## મેંગો ઉત્સવમાં આકર્ષણનું કેન્દ્ર

શહેરીજનોને સૌથી વધારે આનંદ આવે તે માટે મેંગો ફેસ્ટિવલમાં કેરીની સ્પર્ધા યોજાવાની છે. જેમાં સ્પર્ધકો કેટલી કેરીઓ ખાઈ શકે, સૌથી વધારે અને કેટલો કેરીનો રસ પી શકે છે સૌથી વધારે તેની જોરદાર સ્પર્ધા યોજાશે. જેમાં સ્પર્ધકોને ખૂબ મજા આવશે. આ સ્પર્ધા ૨૭મીએ જ યોજાશે. બાકીના બે દિવસ કેરીઓનું પ્રદર્શન યોજાશે.

## કયા રાજ્યની કઈ કેરી આવશે

| રાજ્ય | કેરી |
|---|---|
| ગુજરાત | કેસર, હાફુસ, રાજાપુરી, જામદર, તોતાપુરી, નીલમ, દશેરી, લંગડો |
| પંજાબ | ચૌંસા, દશેરી, માલ્દા |
| હરિયાણા | ચૌસા, દશેરી, લંગડો, ફઝલી |
| રાજસ્થાન | બ્રોમ્બે ગ્રીન, ચૌંસા, દશેરી, લંગડો |
| મહારાષ્ટ્ર | હાફુસ, કેસર, પાયરી |
| કર્ણાટક | હાફુસ, તોતાપુરી, બંગનાપલ્લી, પાયરી, નીલમ, મુળગોઆ |
| હિમાચલપ્રદેશ | ચૌસા, દશેરી, લંગડો |
| ઉત્તરપ્રદેશ | બ્રોમ્બેગ્રીન, ચૌંસા, દશેરી, લંગડો |
| બિહાર | બ્રોમ્બેગ્રીન, ચૌસા, દશેરી, લંગડો |
| બિહાર | બ્રોમ્બેગ્રીન, ચૌસા, દશેરી, ફાઝી, ગુલાબકસ, કિશનભોગ, હિમસાગર, જર્દાલુ, લંગડો |
| પશ્ચિમબંગાળ | ફાઝી, હિમસાગર, બ્રોમ્બેગ્રીન, લંગડો |
| મધ્યપ્રદેશ | હાફુસ, બ્રોમ્બેગ્રીન, દશેરી |
| આંધ્રપ્રદેશ | બંગનાપલ્લી, સુવર્ણરેખા, નીલમ |
| તમિલનાડુ | હાફુસ, નીલમ, તોતાપુરી, બંગનાપલ્લી |

# જિલ્લાના ત્રણ સાંસદ આદર્શ ગામે રાષ્ટ્રીયસ્તરે ૧ થી ૧૦ માં રેન્ક મેળવ્યો

**ત્રણેય ગામ કલોલ તાલુકાના : બિલેશ્વરપુરા, પલોડિયા અને રામનગરે જિલ્લાનું ગૌરવ વધાર્યુ**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં સાંસદ આદર્શ ગામ તરીકે પસંદગી પામેલા ત્રણ ગામો રાષ્ટ્રીયસ્તરે ૧ થી ૧૦ માં આવતાં આજે જિલ્લાતંત્રમાં ખુશીની લ્હેર વ્યાપેલી જોવા મળતી હતી.

મળતી વિગતો પ્રમાણે જે ત્રણ ગામો રાષ્ટ્રીયસ્તરે ૧ થી ૧૦ ક્રમમાં આવ્યા છે તે ત્રણેય કલોલ તાલુકાના છે. બિલેશ્વરપુરા, પલોડિયા અને રામનગરનો સમાવેશ થાય છે.

કલોલ તાલુકાનું બિલેશ્વરપુરા ગામે ૯૯.૫૩ ટકા ગુણાંક સાથે રાષ્ટ્રમાં પ્રથમ રેન્ક પ્રાપ્ત કરી છે.

તો પલોડિયા ગામે ૯૭.૭૯ ટકા ગુણાંક સાથે સાતમુ સ્થાન અને રામનગર ગામે ૯૭.૭૧ ટકા ગુણાંક સાથે ૧૦મુ સ્થાન પ્રાપ્ત કર્યુ છે.

સાંસદ આદર્શ ગ્રામ તરીકે ફિરોજપુરા, રૂપાલ એ અડાલજ પાછળના ક્રમે આવ્યા છે જો કે તેમાં કેટલીક ટેકનીકલ ક્ષતિઓ કારણભૂત હોવાનું તંત્રના સૂત્રો કહી રહ્યા છે.

ગાંધીનગર જિલ્લાએ મેળવેલ નોખી સિદ્ધિને લઈ આજે તંત્રમાં ખુશીનો માહોલ જોવા મળતો હતો. કલોલ તાલુકાના ૩ ગામોમાં કામગીરીનો યશ તાલુકા વિકાસ અધિકારી અને તેમની ટીમને જાય છે. જેણે દિવસ-રાત એક કરી અને સારી કામગીરી તેમજ નિયમિત સમયાંતરે તેની ડેટા એન્ટ્રી કરી આ સિદ્ધિ મેળવી છે.

ગાંધીનગર જિલ્લામાં આમ તો છેલ્લા ૮ વર્ષમાં ૧૩ જેટલા ગામો સાંસદ આદર્શ ગ્રામ તરીકે પસંદગી પામ્યા છે અને ત્યાં વિવિધ વિકાસના કામો હાથ ધરવામાં આવ્યા છે.

વડાપ્રધાનપદે નરેન્દ્ર મોદી આવ્યા ત્યારે તેમણે દરેક સાંસદને તેમના વિસ્તારના એક ગામને આદર્શ ગામ તરીકે પસંદ કરવા જણાવ્યુ હતુ અને ત્યાં વિકાસ કામો પર ધ્યાન કેન્દ્રીત કરવા કહ્યુ હતુ.

ગાંધીનગર જિલ્લામાં ગાંધીનગર તાલુકાનું જાખોરા, રાજપુર ગામ એ આજે પણ ગત લોકસભા ટર્મથી પ્રથમ સ્થાને રહ્યુ હતુ જે સાંસદ પરેશ રાવલે દત્તક લીધુ હતુ જે નોંધનીય છે.

આજે સાંસદ આદર્શ ગ્રામની સમીક્ષા દરમ્યાન રાષ્ટ્રીયસ્તરની રેન્કીંગની જાહેરાત કરાઈ હતી.

કચ્છની કેસર કેરી
ખેડૂત દ્વારા સીધું વેચાણ
કચ્છની સુપ્રસિદ્ધ કેસર કેરી મળશે
ઉમિયા માતાના મંદિરની સામે, સેક્ટર-૧૨
Mo. 99788 13498




# નવા સચિવાલયની ઈમારતોનો નઝારો બદલાશે

**નવિનીકરણ પાછળ ૨૫૦ કરોડનો ખર્ચ કરાશે : નવા સચિવાલય સંકુલમાં સ્થિત વિવિધ ૧૪ જેટલા બ્લોકનો બહારી દેખાવ બદલવા તેમજ પેસેજ તેમજ ટોઇલેટ બ્લોકના નવિનીકરણનુ કામ હાથ ધરવા ગતિવિધિ : ખાનગી એજન્સી રીપોર્ટ તૈયાર કરીને સરકારને સુપ્રત કરશે ત્યારબાદ ડિઝાઇન આખરી થશે**

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગરમાં નવા સચિવાલયના વિવિધ ૧૪ જેટલા બ્લોકનો આઉટલુક બદલાઈ જશે. અલબત્ત આ તમામ બ્લોક અંદાજિત ૩૫ વર્ષ અગાઉ બાંધવામાં આવ્યા હતા જયારે સમય જતા હવે આ બ્લોકની દિવાલોનુ નવિનીકરણ કરાશે જેથી બહારનો દેખાવ પણ બદલાઈ જશે આ સમગ્ર યોજના અન્વયે માર્ગ મકાન વિભાગ કક્ષાએથી અંદાજિત ૨૫૦ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. આ ઉપરાંત બ્લોકની દિવાલો સહીત ફાયર સેફટી, ડ્રેનેજ, ટોઈલેટ બ્લોક તેમજ પાણીની સુવિધાઓને પણ વધુ અદ્યતન કરવાનો પણ યોજનામાં સમાવેશ કરાયો છે.

ગાંધીનગરમાં જુના સચિવાલયના વિવિધ બ્લોક તોડીને નવા બાંધવા માટે પણ આયોજન કરાયુ છે. જયારે જુના સચિવાલયની સાથે આગામી દિવસોમાં નવા સચિવાલયમાં પણ વિવિધ બ્લોકની દિવાલોનો દેખાવ બહારથી બદલાઈ જશે. અલબત્ત નવા સચિવાલયના વિવિધ ૧૪ જેટલા બ્લોકમાં બહારની દિવાલોને યોગ્ય કરવા કામ હાથ ધરવામાં આવશે. અંદાજિત ૩૫ વર્ષના લાંબા સમયગાળા બાદ આ દિવાલો પણ સમય જતા થોડી જર્જરીત હાલતમાં જોવા મળે છે. અલબત્ત તેનુ મજબુતીકરણ અને આધુનિકરણ અનિવાર્ય હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. અગાઉ વિધાનસભાના નવિનીકરણનો પ્રોજેકટ પણ હાથ ધરાયો હતો જયારે તેની પાછળ અંદાજિત રૂ ૧૧૦ કરોડનો ખર્ચ કરાયો હતો. જયારે જુના સચિવાલયમાં પણ દાયકાઓ જુના બ્લોકના બદલે હવે તબક્કાવાર નવા બ્લોક બાંધવામાં આવનાર છે. ત્યારે નવા સચિવાલયમાં પણ તમામ બ્લોકનુ મજબુતીકરણ હાથ ધરવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. વિભાગ કક્ષાએથી આ યોજના અન્વયે પ્રાથમિક ધોરણે અંદાજિત રૂ ૨૫૦ કરોડનો ખર્ચ થાય તેમ હોવાનુ પણ જણાંવાયુ છે જો કે ખર્ચની રકમમાં વધઘટ પણ થઈ શકે તેમ છે. અગાઉ નવા સચિવાલય સંકુલમાં ભુંકપ બાદ પણ વિધાનસભાને જોડતો એક બ્રિજ પણ દુર કરી દેવાયો હતો જયારે નવા સચિવાલયમાં રોડ નેટવર્ક સહીતના સંકુલમાં જુદા જુદા ફેરફાર પણ કરાયા હતા જયારે હરિયાળી નિખારવા સહીત તેમજ પાર્કીંગ વ્યવસ્થા પણ બદલાવ કરવામાં આવ્યો હતો. જયારે વિવિધ બ્લોકમાં સ્થિત કચેરીઓને પણ કોર્પોરેટ લુક અપાયો હતો. જયારે નવા સચિવાલયમાં સ્વર્ણિમ સંકુલ પણ અસ્તિત્વમાં આવ્યા બાદ સરકારી કચેરીની જાણે ઓળખ જ બદલાઈ ગઈ છે. ત્યારે હવે નવા સચિવાલયના બ્લોકની દિવાલો તેમજ પેસેજ અને ટોઈલેટ બ્લોકનુ પણ નવિનીકરણ કરાશે જેના લીધે સચિવાલય સંકુલના બ્લોકનો બહારી દેખાવ પણ બદલાઈ જશે. જયારે આ યોજના અન્વયે વિવિધ ડિઝાઈન તૈયાર કરી મુખ્યમંત્રી સમક્ષ પ્રેઝન્ટેશન પણ રજુ કરાશે ત્યારબાદ ડીઝાઈન અંગે આખરી નિર્ણય લેવાશે. જયારે તમામ બ્લોકના નવિનીકરણ સાથે સચિવાલય સંકુલના બ્લોકને વધુ સુવિધાસભર બનાવવા માટે કર્મચારીઓ તેમજ અધિકારીઓની સેન્સ પણ જાણવામાં આવશે. સુત્રોના જણાંવ્યા મુજબ આ યોજના અન્વયે ખાનગી એજન્સીને યોગ્ય રીપોર્ટ તૈયાર કરવા માટેનુ કામ સોંપવામાં આવશે ત્યારબાદ આ યોજના કેમ આગળ વધી શકે તેનુ ચિત્ર વધુ સ્પષ્ટ થશે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com